PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૮/ક્વા–૦૩/૧૬–૧૭/ 66 તા. 03/01/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ડો. જયેશ કે. પટેલ,
સંકેત એપાર્ટમેન્ટ, ફ્લેટ નં.: ૩૦૧,
ગુજરાત હાઉસીંગ બોર્ડ,
સ્વામીનારાયણ મંદીર સામે,
કાલાવડ રોડ, રાજકોટ
મો: ૯૮૨૫૫ ૧૭૪૫૫

વિષય :—મીટર બદલી બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૭–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૮/ક્વા–૦૩/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06/2

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૮/ક્વા–૦૩/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૩૧–૧૨–૧૬ સ્થળ :–રાજકોટ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: ડો. જયેશ કે. પટેલ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

રજુઆત કરનાર :ડી.એમ.ભાલાણી, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ

## : હુકમ :

### ફરીયાદ : મીટર બદલી બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૭૬૦૧/૦૦૦૩૭/૦ નુ મીટર બંધ થયેલ હોય, તેઓએ તા.૦૧–૧૨–૧૬ ના રોજ પીજીવીસીએલ મા મીટર બદલાવવાની અરજી આપેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી તા.૦૧–૧૨–૧૬ ના રોજ રૂબરૂ ચેક કરતા, મીટર સ્થળ પર ખરેખર ચાલુ હોવાનુ અને યોગ્ય જણાયેલ હતુ. તેમ છતા, પીજીવીસીએલ તરફથી, તેઓનુ ચાલુ મીટર બદલાવી અને નવુ મીટર લગાડવામા આવેલ છે. જે યોગ્ય ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૭૬૦૧/૦૦૦૩૭/૦ નુ મીટર બંધ થયેલ હોય, તેઓએ તા.૦૧–૧૨–૧૬ ના રોજ પીજીવીસીએલ મા મીટર બદલાવવાની અરજી આપેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી તા.૦૧–૧૨–૧૬ ના રોજ રૂબરૂ ચેક કરતા, મીટર મા – ફોરવર્ડ રીડીંગ ને બદલે, રીવર્સ રીડીંગ – જણાયેલ હતા. આવા કારણોસર, વાસ્તવિક વીજવપરાશ ની વિગતો, પીજીવીસીએલ ને જણાયેલ ન હતી. તદ ઉપરાંત,સદર મીટર ઘણુ જુનુ ( મેકેનીક પ્રકારનુ) હોય, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની, માર્ગદર્શક પ્રણાલી મુજબ, વીજકંપની એ, તેમની મીલકત ( વીજલાઈન / વીજતાર / વીજકેબલ / ટ્રાન્સફોર્મર / મીટર / તેમજ અન્ય બાબત ની મીલકતો ) મા, સમયાંતરે, જરૂરી સુધારણાઓ સાથે ની, અદ્યતન સ્થિતી – પ્રસ્થાપિત કરવાની બાબત, જે વીજકંપની માટે અત્યંત આવશ્યક છે. આ બાબતો ને આનુષાંગીક રહી અને, ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ નુ, સવાલવાળુ જુનુ ( મેકેનીક પ્રકારનુ) મીટર, જે '' રીવર્સ રીડીગ નોંધતુ હોય'' જે બદલાવી અને, હાલ ના તબ્બકા ની અદ્યતન સ્થિતી ( ઈલેકટ્રોનીકસ) નુ મીટર, જે પીજીવીસીએલ તરફથી, બદલાવી અને નવુ મીટર લગાડવામા આવેલ છે. પીજીવીસીએલ વીજકંપની ની સદર નિયમાધીન બાબત ની સમજણ ફરીયાદી અરજદાર શ્રી ને આપવામા આવેલ હતી. જે, ફરીયાદી અરજદાર શ્રી એ સ્વીકારેલ છે. આમ, હવે સદર મીટર બદલી બાબતે, ફરીયાદી અરજદાર શ્રી ને, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, ફરીયાદી અરજદાર શ્રી એ, તા.૨૧–૧૨–૧૬ ના રોજ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી મા જણાવાયેલ, તેમના જોડાણ ના મીટર બદલી બાબતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની જે કાર્યવાહી થયેલ છે. તે કાર્યવાહી ફરીયાદી અરજદાર શ્રી એ સ્વીકારેલ છે. આમ, હવે સદર મીટર બદલી બાબતે, ફરીયાદી અરજદાર શ્રી ને, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, ફરીયાદી અરજદાર શ્રી એ, તા.૨૧–૧૨–૧૬ ના રોજ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને, હવે સદર ફરીયાદ બાબતે, પીજીવીસીએલ સામે કોઈ વાંધો / તકરાર ન હોવા બાબતે નો, ફરીયાદી અરજદાર શ્રી એ, તા.૨૧–૧૨–૧૬ ના રોજ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સંબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..